

# સત્સંગ સમાચાર



## સંતભગવંત સાહેબજી અને સંતોની દક્ષિણ ભારતની ધર્મયાત્રા

સંતભગવંત સાહેબદાદા અને સંતોની ૨૭ નવેમ્બરથી પ્રારંભ થયેલ દક્ષિણ ભારતની ધર્મયાત્રા અવિરત ચાલુ રહી.

૭ ડિસેમ્બરના રોજ કોઈમ્બતુરમાં પ.પૂ. સ્વામીની પ્રમાનંદાના 'પૂર્ણ વિદ્યા ફાઉન્ડેશન'માં સાહેબજી અને સંતોએ આશ્રમની મુલાકાત લીધી. આશ્રમનાં વિવિધ પ્રસાદીનાં સ્થળોએ પધારી પ્રાર્થના કરી. પ.પૂ. સ્વામીની પ્રમાનંદા સાથે સત્સંગ ગોષ્ઠિનો આનંદ માણ્યો.

૮ ડિસેમ્બરે કોઈમ્બતુરમાં ઉદયનભાઈ, નીતિનભાઈ, વિપુલભાઈ, નટુભાઈ, ધનપાલભાઈ, પરેશભાઈ, કીર્તિમાસા, અલકેશભાઈ, રામભાઈ, નાનુભાઈ આદિ મુક્તોના ઘરે તેમજ વ્યવસાયસ્થાને પધરામણીઓ કરી આશીર્વાદ પાઠવ્યા. કોઈમ્બતુરના ગુજરાતી સમાજના હૉલમાં સંતભગવંત સાહેબજી તથા પ.પૂ. સ્વામીની પ્રમાનંદાના સાંનિધ્યે સ્થાનિક ભક્તો, શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં સુંદર સભા યોજાઈ, જેમાં સાહેબદાદાના ૮૦મા પ્રાગટ્યપર્વની ઉજવણી કરવામાં આવી.

૯ ડિસેમ્બરે સવારે પૂ. શાંતિદાદા અને પૂ. અશોકભાઈ તેઓની ધર્મયાત્રા સંપન્ન કરી પરત બ્રહ્મજ્યોતિ પધાર્યા. સંતભગવંત સાહેબજી તથા સંતો બૅંગ્લૉર પધાર્યા. અહીં પૂ. અશ્વિનદાદા અને પૂ. વાસુભાઈ સંતભગવંત સાહેબજી સાથે ધર્મયાત્રામાં જોડાયા. ઍરપૉર્ટ ઉપર સૌનાં સુંદર સ્વાગત કરાયાં. બૅંગ્લૉરના રોકાણ દરમિયાન કૌશિકભાઈ, કમલભાઈ રાજવીર, અંજનીકુમાર, મૂકેશભાઈ, ડૉ. માંજરેકર, કિશોરભાઈ, રાજુભાઈ, કલ્પેશભાઈ, આશિષભાઈ આદિ મુક્તોના ઘરે તથા વ્યવસાયસ્થાને પધરામણીઓ કરી સંતભગવંત સાહેબજી અને સંતોએ આશીર્વાદ પાઠવ્યા. ત્રણ દિવસની બૅંગ્લૉર યાત્રા દરમિયાન સાહેબજી તથા સંતોએ ચિન્નાસ્વામી ક્રિકેટ સ્ટૅડિયમના ગૅસ્ટહાઉસમાં ઉતારો કર્યો. બૅંગ્લૉરના ભક્તોની ભાવભરી વિદાય લઈ સાહેબજી સંતો સાથે ૧૨ ડિસેમ્બરે હૈદરાબાદ પધાર્યા.

હૈદરાબાદના શમશાબાદ નિવાસી નિષ્ઠાવાન અક્ષરમુક્ત સંજયભાઈ-સરસ્વતીબહેનના સુપુત્ર ચિ. અંકુરભાઈ-ચિ. શ્રુતિબહેનનાં લગ્નપ્રસંગે પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા તેમજ તેઓના નૂતન આવાસમાં ગૃહપ્રવેશની મહાપૂજા કરાવી પ્રાર્થનાઓ કરી. સૂર્યકાંતભાઈ- હંસાબહેનના ઘરે એક દિવસ રોકાણ કરી મહાપૂજા કરી, જૂની સ્મૃતિઓ વાગોળી બ્રહ્માનંદ કરાવ્યો. શ્રી અંજનીકુમારનાં દીકરી ભાર્ગવીબહેન-વિષ્ણુભાઈ દ્વારા નિર્મિત નાનાં બાળકો માટેની પ્લે સ્કૂલ 'પ્રકૃતિ ઈકો પ્લે'માં પધારી તેઓની પ્રવૃત્તિને બિરદાવી. દશરથભાઈ યાદવ, નવીનભાઈ આદિના ઘરે પધરામણીઓ કરી, મહાપૂજા દ્વારા પ્રાર્થનાઓ ધરી. સંજયભાઈના નાના દીકરા અંકિતભાઈ અને તેઓના મિત્ર ધ્રુવભાઈ ભેગા મળીને જે ફાર્મમાં હાઇડ્રૉપૉનિક પદ્ધતિથી ખેતી કરવાના છે ત્યાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સુરેન્દ્રભાઈ, સવિતાબહેન-રામકૃષ્ણભાઈના ઘરે, અમિતભાઈ-અંકિતાબહેનના ઘરે સાહેબજી અને સંતોએ પધરામણી કરી. નવીનભાઈના નિર્માણાધીન નૂતન નિવાસસ્થાને પધારી ધૂન-પ્રાર્થના કરી. હૈદરાબાદ મંડળની જાહેર સત્સંગસભામાં સંજયભાઈ શરાફ, ભાવનાબહેન, અંકિતાબહેન, દશરથભાઈ આદિએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત સ્થાનિક અક્ષરમુક્તોને સાહેબજીએ આશીર્વાદનું સુખ આપ્યું. સૌની ભાવભરી વિદાય લઈ ધનજીભાઈના ઘરે પધરામણી કર્યા બાદ ફ્લાઈટમાં મુંબઈ પધાર્યા અને ત્યાંથી બ્રહ્મજ્યોતિ પરત પધાર્યા. ◆

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીના આશીર્વાદ અને પ્રેરણાથી ગુરુહરિ પ.પૂ. કાકાજી-ગુરુહરિ પ.પૂ. પપ્પાજી બંધુબેલડી શતાબ્દી મહોત્સવ ઉપક્રમે ૨૩ ડિસેમ્બરના રોજ અનુપમ મિશનના સંતો તેમજ યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભાના યુવાનો દ્વારા તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી શ્રી વડતાલધામ પદયાત્રાનું ભક્તિભર્યું આયોજન કરવામાં આવ્યું.

પ્રાતઃકાળે ૪:૩૦ વાગ્યે બ્રહ્મજ્યોતિ મોગરી સ્થિત પ.પૂ. કાકાજી સમાધિસ્થાન તેમજ હૃદયકુંજમાં બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજની મૂર્તિ સમક્ષ ધૂન-પ્રાર્થના કરી સંતો-ભક્તોએ પદયાત્રાના શુભારંભ કર્યા. પદયાત્રા દરમિયાન સૌ સંતો અને ભક્તોએ ધૂન, ભજન અને માહાત્મ્યસભર ગોષ્ઠિ દ્વારા ભક્તિ અદા કરી. આ ભક્તિયાત્રામાં અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં વિવિધ મંડળોમાંથી અનેક અક્ષરમુક્તો પધાર્યા. સૌની કાળજી વિચારી ચરોતર પ્રદેશના મુક્તોએ પદયાત્રાના પથ પર ચા-પાણીની વ્યવસ્થા કરી ભક્તિ અદા કરી.

પદયાત્રા પૂર્ણ કરી સૌ વડતાલ ધામના ભવ્ય મંદિરમાં શોભાયમાન શ્રી હરિકૃષ્ણ મહારાજની મનોહર મૂર્તિ સન્મુખ બિરાજમાન થઈ પ્રાર્થના અને ધૂનમાં જોડાયાં. સવિશેષ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિર્માણાધીન નૂતન મંદિરના આ નિર્માણવર્ષે તન-મન-ધન અને આત્માનાં સમર્પણ સહજ બને તેવી પ્રાર્થનાઓ અંતરથી ધરી. ત્યારબાદ વડતાલ સ્થિત શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલના પ્રાંગણમાં યોજિત સત્સંગસભામાં સૌ પધાર્યાં. સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત થયાં. આ પ્રસંગે રાહુલભાઈ દ્વારા રચિત નૂતન ભજનનાં ગાન થયાં. બાળકો હેત ભટ્ટ અને તરલ ગોહિલે કાકાજી મહારાજ અને પપ્પાજી મહારાજનાં જીવનમાહાત્મ્યનાં ગાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ અને આ પ્રસંગે ઉપસ્થિત પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ આદિ સંતોએ આ બાળકો પર અત્યંત પ્રસન્નતા વરસાવી આશીર્વાદ પાઠવ્યા.

આ પાવન પ્રસંગે સૌને સ્મૃતિભેટ સ્વરૂપે મંત્રલેખન માટે પેન આપવામાં આવી. આ સ્મૃતિભેટનાં મુક્તાર્પણ સંતભગવંત સાહેબજી અને પૂ. ભરતભાઈએ કર્યાં. ત્યારબાદ સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાએ સૌની સેવાને બિરદાવી, આશીર્વાદ પાઠવી સૌને કૃતાર્થ કર્યાં.

સંતભગવંત સાહેબજીએ જેઓ પદયાત્રામાં જોડાયા, સેવાઓ કરી તે સૌને ધન્યવાદ પાઠવ્યા અને સમગ્ર પદયાત્રાના આયોજનકર્તા સંતો પૂ. યજ્ઞેશભાઈ, પૂ. પરેશભાઈ, પૂ. શ્રેયસભાઈ આદિને અંતરના આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## ધારીમાં નિઃશુલ્ક નેત્રયજ્ઞ

પ્રાસાદિક તીર્થધામ ધારીમાં સ્વ. શાંતાબહેન વનમાળીદાસ સંઘરાજકા પરિવાર-લંડન તથા સંઘરાજકા પરિવાર-ધારીના સહયોગથી અનુપમ મિશન દ્વારા યોજીત નિઃશુલ્ક મહા નેત્રયજ્ઞનું દીપ પ્રાગટ્ય દ્વારા ૪ જાન્યુઆરીના રોજ ઉદ્‌ઘાટન થયું. આ નેત્રયજ્ઞમાં ૧૦૦૬ દર્દીઓ લાભ લેવા માટે ઉપસ્થિત રહ્યા. સિવિલ હૉસ્પિટલ-અમદાવાદ, અંધત્વ નિયંત્રણ સમિતિ-અમરેલી, સામૂહિક આરોગ્ય કેન્દ્ર-ધારીનો સહકાર આ સેવાકાર્યમાં પ્રાપ્ત થયો. નિદાન થયેલ ૧૫૧ દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણિ આરોપણ તથા જરૂરી ઑપરેશન શ્રી રણછોડદાસજી બાપુ ચૅરિટેબલ આંખની હૉસ્પિટલ-રાજકોટમાં કરવામાં આવ્યાં. ૫ જાન્યુઆરીના રોજ ધારીના સરકારી દવાખાનામાં અનુપમ મિશનના સહયોગથી સિવિલ હૉસ્પિટલ, અમદાવાદના જાણીતા રેટિના સર્જન ડૉ. વિપુલભાઈ પ્રજાપતિ અને ટીમના સહયોગથી ૨૨૮ દર્દીઓનાં આંખના રોગોનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવ્યું. તેમાંથી ૧૪ દર્દીઓને રેટેનોપાથી સારાવાર આપવામાં આવી હતી. આંખો તપાસી જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજીની આશિષ અને પ્રેરણાથી પૂ. અરુણભાઈના માર્ગદર્શન હેઠળ સમગ્ર કૅમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો. ◆

## સાહેબજી યૂથ લીડરશીપ રિટ્રીટ – ૨૦૧૮, યુ.એસ.એ.

અમૅરિકામાં કાર્યરત યુવા નેતાઓની સાહેબજી યૂથ લીડરશીપ રિટ્રીટ કૅલિફોર્નિયા ખાતે પૂ. જયેશભાઈ અને વડીલ મુક્તોના સાંનિધ્યે ૨૬થી ૩૦ ડિસેમ્બર દરમિયાન સંપન્ન થઈ. આ રિટ્રીટમાં ૩૫થી વધુ યૂથલીડર્સને પૂ. જયેશભાઈ, ડૉ. વીરેન્દ્રભાઈ, ચેતનભાઈ, અર્ચનાબહેન, અમિતભાઈ આદિ સંતો-ભક્તોનાં માર્ગદર્શન પ્રાપ્ત થયાં. સ્વામિનારાયણ સંપ્રદાય તથા તત્ત્વજ્ઞાન, અક્ષરપુરુષોત્તમ ઉપાસના, અનુપમ મિશનનો સુવર્ણ ઈતિહાસ, સત્શાસ્ત્રો, સંપ, સુહૃદભાવ અને એકતા, મંદિરનું મહત્ત્વ, અઠવાડિક સત્સંગસભા, સત્સંગ સુકાન આદિ વિષયો ઉપર વક્તવ્ય, માર્ગદર્શન, પ્રવૃત્તિમય જ્ઞાનનાં આદાનપ્રદાન તથા ગોષ્ઠિ સ્વરૂપે મંથન કરવામાં આવ્યાં. આ રિટ્રીટનાં દિવ્ય માર્ગદર્શન સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા અને પૂ. હર્ષદદાદાએ આપ્યાં. સાહેબદાદાએ ફૉન દ્વારા આશીર્વાદ પાઠવી ધૂન, મંત્રલેખન, મંદિરની અનિવાર્યતા અને માહાત્મ્યયુક્ત સેવાની મહત્તા સમજાવીને રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ચાર્વિબહેન, મોનિકાબહેન, સલોનીબહેન, બંસરીબહેન અને યુવકોએ સુપેરે સુકાન સંભાળ્યાં. ◆

## અક્ષરધામગમન

*** નવીનભાઈ પટેલ :** ખંભોળજ નિવાસી નવીનભાઈ ૧૩ નવેમ્બરે અક્ષરધામ સિધાવ્યા. કૉલેજકાળમાં પ.પૂ. સાહેબજી સાથે મિત્રતા થઈ ને યોગમાં આવેલા. હૈદરાબાદમાં જે.ડી. પટેલ-પૂ. શાંતાબહેન સાથે યોગ થતાં મિત્રતા તાજી થઈ અને સત્સંગમાં જોડાયા. તેઓ અને ધર્મપત્ની શાંતાબહેન ગુણાતીત સમાજનાં અનુયાયી બન્યાં. પ.પૂ. સાહેબજીનો ગુરુભાવે સ્વીકાર કરી સંતો, બહેનો, વ્રતધારી સંતો, એકાંતિક ભક્તોની સેવા જીવનના છેલ્લા શ્વાસ સુધી કરતા રહ્યા. પોતાના દીકરાઓને પણ ધર્મ-ભક્તિના સંસ્કાર આપ્યા. નવીનભાઈનો આત્મા પુનર્જન્મે સત્સંગના યોગમાં પ્રગટ થઈ અને પ્રભુ સાથેનો સંબંધ દૃઢ કરી લે તે પ્રાર્થના ! ◆

*** રસિકભાઈ પટેલ :** મુક્તરાજ રસીકભાઈ ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ના દિને અક્ષરધામ સિધાવ્યા. તેઓના દાદાને સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા, શાસ્ત્રીજી મહારાજને ગુરુ માની પ્રત્યક્ષની ઉપાસના દૃઢ કરેલી. તેમના પૌત્ર રસિકભાઈ પણ યોગીબાપાના આશીર્વાદ સાથે ભક્તિ કરતા રહ્યા. તારાબહેન સાથે લગ્નગ્રંથિએ જોડાયા પછી પૂ. સોનાબાનો યોગ થયો અને ગુણાતીત જ્યોતનાં બહેનો સાથે સમર્પિતભાવે સેવામાં જોડાયા. મુંબઈમાં રહી વર્ષો સુધી એકધારી સેવા-ભક્તિ કરી કાકાજી, પપ્પાજી, સોનાબા, સાહેબજી ને સૌ સ્વરૂપોને રાજી કર્યા. ગુણાતીત સમાજના સૌ સંતો-ભક્તો માટે પોતાનું ઘર સમર્પિત કર્યું. જીવનભર આવી માહાત્મ્યસભર સેવા નિર્દોષભાવે કરતા રહ્યા. સંબંધમાં આવનાર સૌને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રેરવારૂપ વાતો કરી દિવ્ય સમાગમ આપતા રહ્યા. દીકરા અંબરીષભાઈને પણ ધર્મના સંસ્કારો આપ્યા. ગુણાતીત સમાજના પાયામાં હોમાઈ એકાન્તિક સ્થિતિને પામેલા પૂ. રસિકભાઈ દેહ છોડી આત્મામાં સ્થિર થયા. પ્રભુમાં લીન થયા. પુનર્જન્મે પ્રભુ સાથે એકરૂપ થઈ રહેવાની સાધના કરવાના સુયોગ પ્રભુ અર્પે તે પ્રાર્થના છે. ◆

*** કમળાબહેન ગોરધનભાઈ પટેલ :** અનુપમ મિશનના વરિષ્ઠ સદ્‌ગુરુ સંત પૂ. અરુણભાઈનાં માતુશ્રી પૂ. કમળાબહેન ૨૯ ડિસેમ્બરના રોજ અક્ષરધામ સિધાવ્યાં. પોતાના એકમાત્ર વહાલસોયા દીકરાને વૈરાગ્ય પ્રેરી ગુરુદેવ યોગીજી મહારાજ જેવા યુગવિભૂતિના શ્રીચરણે ભગવાનનું કાર્ય કરવા માટે સમર્પિત કરી માતૃત્વ દીપાવ્યું તેવાં કમળાબાને હૈયું અનંત વંદન ધરે છે ! સંતભગવંત સાહેબજી પ્રત્યે આદરપૂર્ણ ભક્તિભાવ સેવી સત્સંગ અને સમર્પણ કરતાં રહ્યાં. પૂ. અરુણભાઈ જેવા આદર્શ સંતરત્નની ભેટ આપી કમળાબાએ સમસ્ત સત્સંગ સમાજની અદ્‌ભુત સેવા કરી છે ! પૂ. અરુણભાઈએ સૌરાષ્ટ્ર અને સવિશેષ માણાવદર તથા ધારીમાં સાહેબજીની આજ્ઞાથી અક્ષરમુક્તોને પ્રભુસન્મુખ કરવાનું અદ્‌ભુત ભક્તિકાર્ય કર્યું છે. કમળાબા જેવાં પુણ્યશાળી આત્મા પુનર્જન્મે પણ પ્રભુ સાથે એકરૂપ થઈ અન્યને સાધનામાર્ગે બળ પમાડે છે. તેઓને અનંત વંદન ! ◆

*** હરીશભાઈ શુક્લ :** સંતભગવંત સાહેબજીના અંતેવાસી સેવક વ્રતધારી યુવાન સંત પૂ. બિમલભાઈ શુક્લના પિતાશ્રી હરીશભાઈ શુક્લ ૩ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારે અક્ષરધામ સિધાવ્યા. ખંભાતના પૂર્વ ધારાસભ્ય, અક્ષરનિવાસી અક્ષરમુક્ત શિરીષભાઈના નાના ભાઈ હોવાના સંબંધે સાહેબજી સાથે દિવ્ય સંબંધ થયો અને સદ્‌ગુરુ સંતોના યોગથી સત્સંગ સુદૃઢ થયો. હરીશભાઈએ પૂ. બિમલભાઈ જેવા પુત્રને ભગવાનના કાર્યમાં જોડી સાહેબજીના શ્રીચરણે સમર્પિત કરવાની મહામૂલી સેવા કરી જીવતર ધન્ય કરી લીધું. સ્થિતપ્રજ્ઞ અને ભક્તહૃદયી હરીશભાઈ અને ઈન્દિરાબહેને દિવ્ય સંસ્કારવારસો તેમના જ્યેષ્ઠ પુત્ર જિગરભાઈ અને પૂ. બિમલભાઈને આપી માવતર તરીકેની સુંદર જવાબદારી નિભાવી. ૬૭ વર્ષે દેહત્યાગ કરી હરીશભાઈ પ્રભુના ધામમાં બિરાજ્યા ત્યારે સમગ્ર કુટુંબે નિષ્ઠા અને પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કર્યાનું દર્શન કરાવ્યું તે વંદનીય છે. ◆